# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર


ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૧૧ • તા. ૨૫ ઓગસ્ટ થી ૩૧ ઓગસ્ટ ૨૦૧૮



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.


## બીજા જ્ઞાતિ સંમેલનના પ્રમુખ 'જ્ઞાતિરત્ન'

# શ્રી ભરતભાઈ બી. ખીમજી




ઓછું સમજશો તો ચાલશે,
પણ ઊંધુ સમજશો તો નહીં ચાલે
ધારી લેવા કરતાં પૂછી લઈએ
તો સંબંધ વધારે ટકે.

- અજ્ઞાત



નીશિથ આનંદ દંડ

Sure Safety
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણીલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તીલોકચંદ નરશી દંડ
કિર્તીકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
**Tel. 9769991922**
**9833406124**

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
www.gyatimaiya.com
email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# સમાજ અને પરિવારનો પાયો

સ્ત્રી અને પુરૂષ જીવનના રથના બે પૈડા છે. ઘર અને સમાજનો પાયો મહિલા છે. એક સમાજ વિચારક ખર્ચી કહ્યું છે કે ઘર માત્ર ચાર દિવાલ નથી. પુરૂષો ઘર ચણે છે. પણ તેને જીવંત બનાવે છે ઘરની સ્ત્રી.

આજે માતા-પિતા-મહિલા મૈત્રી વિગેરે માટે વર્ષનો એક દિવસ નક્કી કરાયો છે. જે તે દિવસે એના ગુણગાન ગાઈ ગાથા-કથા કહી સુણી બીજા દિવસે એ વાત ભૂલી જવાય છે. પરિવારની એક એક સભ્યને પોતાની ખૂબીઓ છે. વિશેષતા છે જેને લીધે પરિવાર, પરિવાર બનીને શોભે છે. મહિલાના પરિશ્રમથી જ પુરૂષ કુટુંબનો મુકુટમણિ શોભે છે. ફળદ્રુપ જમીનમાં બી વાવીએ તો સમય જતાં એક વટવૃક્ષ બનીને શોભે છે. તેમ સ્ત્રી પણ જમીનમાં ખોવાઈ જઈને એક કુટુંબના વૃક્ષને જન્મ આપે છે. પરિવાર વૃક્ષ પેઠે વિસ્તરે છે. બ્રિટનના લોખંડી મહિલા વડાપ્રધાન અને પીઠ રાજકારણીસ પોતાની વાત એ રીતે મૂકે છે કે ‘‘જો તમે કંઈક કહેવા માંગતા હો તો પુરૂષને કહો, પરંતુ જો તમે કંઈક કરવા માંગતા હો તો મહિલાને કહો.’’ આ વાતમાં જ મહિલાની શક્તિ-તેના સાર્મથ્યનું બળ દર્શાવ્યું છે.

ધર્મ-પ્રભુ પ્રેમમાં મીરાબાઈ, શાસન અને શૌર્યમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, સંસ્કાર અને જીવન ઘડતરમાં માતા જીજાબાઈ વિગેરેના દાખલા સૌને પ્રેરણાદાયક છે. દીકરી એટલે બીચારી અબળા અને ગરીબ ગાયએ કથન ને હવે ખોટું પાડે એવું કાર્ય મહિલાઓ દ્વારા થાય છે. મહિલાઓની સુરક્ષા, સંરક્ષણ, સન્માન અને સશક્તિ કરણ માટે સરકાર દ્વારા કાયદો ઘડાય છે. જેવા કે દહેજ નિર્મૂલન, ભ્રુણહત્યા વિરોધી, બેટી બચાઓ બેટી પઢાઓ જેવા સ્લોગન માત્ર દિવાલો કે બસ કે રીક્ષા પાછળ ચિતરાયેલા સૂત્રો ન બને એ જોવાની ફરજ સૌની છે.

પરિવારના સંતાનોમાં સંસ્કાર રોપનાર જનની તરીકે તેની ભૂમિકા ભૂલીને દીકરીને પહેલેથી થોક બંધ સલાહ-સૂચનો આપી પાબંદીમાં રાખીએ છીએ. તો બીજી બાજુ દીકરાઓને સંસ્કારિતી જાળવાની સલાહ શું કામ ન અપાયી વધતા અત્યાચાર, દુષ્ટાચારની વાત આવે એટલે દોષનો ટોપલો દીકરીઓ પરં જ ઢોળાય એવું શા માટે? બાગ-બગીચાની પાળીએ કે પાનના ગલ્લે, ચોવટ કરી ઊભા રહેતા દીકરાઓની આંખોમાં સાપોલિયા રમતાં હોય, તેમની વાત વર્તનમાં અહમ ડોકાતો હોય તેઓને આપણે સ્ત્રી સન્માન આપવાના પાઠ ભણાવ્યાં છે. આ મુદ્દોપણ વિચાર માંગી લે છે જેના પર સૌએ મનોમંથન કરવું જોઈએ.


વિકૃતિનો વમળ વચ્ચે સૌ પ્રકૃતિને ભૂલ્યા છે. છોકરીઓને શીખ સલાહ આપી તેની પર બંધન લાધ્યા પણ છોકરાઓને છૂટ આપી, મુક્ત વર્તન માટે છૂટાદોરે આપ્યો. એ કેટલે હદે યોગ્ય થયો છે. એની પર વિચાર કરવું જરૂરી છે.

પરિવારનો પાયો, સમાજની ટેકણ લાકડી સ્ત્રી છે. આજે સમાજને પરેશાન કરતા. પજવતા દરેક પ્રશ્નોનો જવાબ સ્ત્રી જનેતાની કોખમાં છે. જેના સાક્ષી જીજાબાઈએ કરેલું શિવાજીનું ઘડતર ચણતરનો દાખલો છે. આદર્શ બાળક આવતી કાલે સમાજની બાગડોર હાથમાં લઈ દિશા સૂચક બનશે. આમ આદર્શ સમાજની કૂંચી સ્ત્રીને હસ્તક છે. એ પણ એટલું જ સત્ય છે.

જય જ્ઞાતિમૈયા

# બીજા જ્ઞાતિ સંમેલનના પ્રમુખ 'જ્ઞાતિરત્ન'

# શ્રી ભરતભાઈ બી. ખીમજી



કચ્છીયતના નઝરાણા સમાન કચ્છના અબડાસા વિસ્તારના તેરા ગામ તેમનું વતન. પિતાશ્રી ભાણજી દેવજી તથા માતુશ્રી રતનબાઈના સુપુત્ર ભરતભાઈનો જન્મ ૧૬ ઓક્ટોબર ૧૯૪૨ના મુંબઈમાં થયો. ધર્મપત્ની રાનીબેનની સાથે પ્રભુતામાં પગલાં પાડ્યા બાદ આ દંપતિને સચીન અને બિનોય એ બે પુત્રરત્નો પ્રાપ્ત થયા છે.

એખલાસ ભર્યા વાતાવરણનું નિર્માણ કરી, જ્ઞાતિહિતને પ્રાધાન્ય આપી, જ્ઞાતિસેવા માટે કટિબધ્ધ થવાનું આવ્હાન જેમણે ૧૯૭૯માં હુબલી ખાતે યોજાયેલ સમસ્ત ક.દ.ઓ.જ્ઞાતિના દ્વિતીય મહાસંમેલનમાં પ્રમુખપદેથી આપેલા પ્રવચનમાં આપેલું. એવા શ્રી ભરતભાઈ ભાણજી ખીમજીના હૈયે જ્ઞાતિ-ઉત્કર્ષની ભાવના સદૈવ ધબકતી રહી છે. એટલે જ તો સમસ્ત જ્ઞાતિએ આ દ્વિતીય મહાસંમેલનમાં એમને માત્ર ૩૭ વર્ષની વયે 'જ્ઞાતિરત્ન' બિરૂદથી નવાજ્યા હતા.

શ્રી ભરતભાઈના પ્રમુખપદે યોજાયેલ આ દ્વિતીય જ્ઞાતિસંમેલન અનેક રીતે અદ્વિતીય રહ્યું. દક્ષિણ ભારતમાં વસતા જ્ઞાતિબંધુઓમાં ઉત્સાહનો સંચાર કરનાર આ સંમેલનના સ્થળનું 'કબુ-લધુ' નગર નામાભિધાન કરવામાં આવેલું. (શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજીનું હુલામણું નામ 'લધુ શેઠ' હતું જ્યારે શેઠશ્રી ભાણજી દેવજી ખીમજી 'કબુ શેઠ'ના નામે ઓળખાતા) આ સંમેલનમાં સમસ્ત ભારતમાંથી ૧૪૦૦ જેટલા કાર્યકરોએ હાજરી આપી હતી. ભૂતકાળમાં આવા પ્રસંગો વખતે ગામના મુખ્ય શ્રેષ્ઠીઓ અથવા મહાજનશ્રીના પ્રતિનિધિ તરીકે પટેલોનું વર્ચસ્વ રહેતું. ભરતભાઈની સૌને સાથે લઈને ચાલવાની દીર્ઘદ્રષ્ટિના ફળસ્વરૂપે આ સંમેલનમાં જ્ઞાતિના મધ્યમવર્ગ, યુવાવર્ગ, શિક્ષિત વર્ગ અને બહેનોએ પણ ઉમંગભેર ભાગ લીધો.

આ સંમેલનનું આયોજન કરવામાં દક્ષિણ ભારત એકમને સફળતા મળ્યા બાદ જ્ઞાતિના સમાજકારણનું વિકેન્દ્રીકરણ કરવાનો ચક્રવર્તી નિર્ણય લેવાયો. જ્ઞાતિના વસવાટવાળા વિસ્તારોના 'એકમો' તરીકે વિભાગ પાડવામાં આવ્યા. એ પ્રમાણે મહારાષ્ટ્ર એકમ, દક્ષિણભારત એકમ, કચ્છ એકમ, ઉત્તર ભારત એકમ સ્થાપી દરેક એકમ પાસે પોતાની આગવી નેતાગીરી હોય એ વાતનો સ્વીકાર થયો. મહાજન વ્યવસ્થા ચાલુ રહી સાથે સાથે એકમ વ્યવસ્થાનો ઉદ્‌ભવ થતાં સ્થાનિક સ્તરે નવી નેતાગીરી મળતાં જ્ઞાતિસેવા કરવાનો નવો ઉત્સાહ આવ્યો.

શ્રી ભરતભાઈના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ જ્ઞાતિ સંમેલનમાં જ્ઞાતિના ઉત્કર્ષ સંબંધી કુલ ૨૪ ઠરાવો થયા. જેમાં

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922, 9322257731**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**

# બીજા જ્ઞાતિ સંમેલનના પ્રમુખ 'જ્ઞાતિરત્ન' શ્રી ભરતભાઈ બી. ખીમજી (૪થા પાનેથી ચાલુ)

મુખ્યત્વે ચૌદ ઠરાવ જ્ઞાતિના વિકાસ અંગે, એક અતિવૃષ્ટિ રેલ રાહત અંગે, ત્રણ ધાર્મિક ક્ષેત્રો સંબંધે, બે શૈક્ષણિક અને મેડિકલ સંબંધે, એક સહકારી બેંકની સ્થાપના અંગે અને એક કચ્છ-હાલારના વિકાસ અંગે હતા. આ ઠરાવોમાંથી જ્ઞાતિના યુવાનોને ઉચ્ચ ટેક્નિકલ શિક્ષણ પ્રાપ્ત કરવા જરૂરી માર્ગદર્શન તેમજ આર્થિક સહાય કરવા 'ઔદ્યોગિક વ્યવસ્યાયિક વિકાસ કોર્પોરેશન'ની સ્થાપના કરવા વિચારણા, કચ્છ-હાલારના ગામડાંઓના વિકાસ અંગે વિચારણા, કાચા ઘરોમાં રહેતા કુટુંબો માટે સહકારી ધોરણે બાંધકામની પ્રવૃત્તિ શરૂ કરવા અંગે વિચારણા, જ્ઞાતિબંધુઓની આર્થિક જરૂરિયાત અને ધંધાના વિકાસ અંગેની નાણાંકીય સવલતો માટે અર્બન કૉ.ઓ.બેંક સ્થાપવા વિચારણા, પરિવારમાં બાળકનો જન્મ થાય ત્યારે તેના નામે બાળકલ્યાણ નિધિ શરૂ કરવા વિચારણા જેવા ઠરાવોથી જ્ઞાતિને વિકાસની એક નવી દિશા પ્રાપ્ત થઈ. સૌથી મોટી ફળશ્રુતિ એ રહી કે ક.દ.ઓ.જ્ઞાતિને અરિહંત કો.ઓ.બેંક મળી. જો કે આ કાર્ય મુંબઈ સ્થિત યુવાનોએ કર્યું પણ પ્રેરકબળ હુબલી સંમેલન રહ્યું.

કમભાગ્યે બીજા સંમેલનમાં લેવાયેલા કેટલાક નિર્ણયોની જરૂરત અને વ્યવહાર ક્ષમતા અંગે વિવાદ જાગતાં આ સંમેલનના આશા જગાવનાર પ્રમુખ શ્રી ભરતભાઈનો ઉત્સાહ મંદ પડ્યો જેથી જ્ઞાતિએ એક સબળ નેતૃત્વ ગુમાવ્યો.

જ્ઞાતિના સર્વાંગી વિકાસ માટે દીર્ઘદ્રષ્ટિભર્યા અનેક વિચારો ધરાવનાર શ્રી ભરતભાઈની વ્યવસાયિક કારકીર્દિ પણ એટલી જ ઉજ્જવળ રહી છે. 'ભરત ભાણજી ખીમજી'એ ત્રણ શબ્દો માત્ર વ્યક્તિ વિશેષ નામ ન રહેતાં કોર્પોરેટ ક્ષેત્રે સર્વતોમુખી વિકાસનું પ્રતીક બન્યા છે. જેની પાછળ શ્રી ભરતભાઈની નેતૃત્વશક્તિ, વહીવટી કુશળતા અને દ્રઢ નિશ્ચય શક્તિના દર્શન થાય છે.

તેઓશ્રી ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સમાં ડાયરેક્ટર તરીકે રજીસ્ટર્ડ થયેલા છે. ઈ.સ.૧૯૮૧થી વલ્કેનાઈઝીંગ ફાઈબર બોર્ડ પ્રા.લિ.ના ડાયરેક્ટર પદે, ૨૦૧૧થી બીખીમ ઈન્વેસ્ટમેન્ટ્સ એન્ડ હોલ્ડિંગ્સ પ્રા.લિ. નામની ફાયનાન્સ કંપનીના ડાયરેક્ટર પદે, ૨૦૧૭થી ખીમ એન્જિનિયરીંગ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિ. નામની મેન્યુફેક્ચરિંગ કંપનીના ડાયરેક્ટર પદે અને ૨૦૧૦થી ખીમજી ફ્લો ઈક્વિપમેન્ટ્સ પ્રા.લિ. નામની મેન્યુફેક્ચરિંગ કંપનીના એડિશનલ ડાયરેક્ટર પદે સેવાઓ આપી રહ્યા છે. એ કે ઈન્ડસ્ટ્રીઝમાં ૧૯૬૫થી ૧૯૮૨ સુધી મેનેજિંગ ડાયરેક્ટર રહ્યા હતા અને ૧૯૮૨થી બીડીકે ગ્રુપે ઓફ કંપનીઝના સી.ઈ.ઓ. રહ્યા છે.

આ ઉપરાંત હાલ રજીસ્ટર ઓફ કંપનીઝની યાદીમાં સ્થાન ન ધરાવતી ખીમજી એન્જિનિયર્સ એન્ડ કન્સલટન્ટ્સ પ્રા.લિ., ન્યુ ખીમ ઈમ્પેક્સ પ્રા.લિ., ન્યુ ખીમ હોલ્ડિંગ્ઝ પ્રા.લિ. અને ખીમ ફિલ્ટ્રેશન ઈન્ડિયા પ્રા.લિ. કંપનીઓનું ડાયરેક્ટર પદ શોભાવ્યું છે.

સામાજિક ક્ષેત્રે જન જાગૃતિ સમિતિના પ્રમુખ તરીકે ૧૯૯૫થી સેવાઓ આપી રહ્યા છે અને ૧૯૯૭માં 'લોક શક્તિ' સંસ્થાના ખજાનચી તરીકે કાર્યરત રહ્યા હતા.

અનેક પ્રકારની વ્યવસાયિક તેમજ સામાજિક જવાબદારીઓ વચ્ચે પણ ભરતભાઈ સંગીત, બાગકામ, બિલિયર્ડ, ક્રિકેટ અને ગોલ્ફ જેવી તાજગી આપનાર પ્રવૃત્તિઓ અને રમતો માટે સમય કાઢતા રહી તન-મનને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવાનો પ્રયત્ન કરે છે.




# શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ-મહિલા સમિતિ દ્વારા બેન્કીંગ માહિતી સેમિનાર થયો



તા.૮ ઓગસ્ટના બેન્કીંગની પ્રાથમિક જાણકારીનું સેમિનાર અરિહંત બેંકમાં રાખવામાં આવેલ. જેમાં ૧૮ થી ૩૦ વર્ષની ૧૬ બહેનોએ ઉત્સાહથી ભાગ લીધેલ. પ્રોગ્રામનું સુંદર આયોજન વીરાજ ધુલ્લા અને કાશ્મીરા ચુર્લાએ કરેલ.

ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ, ચેક કેમ ભરવા, સ્લીપ કેમ ભરવી, એટીએમનો ઉપયોગ કેવી રીતે કરવું. એની સહજ સમજદારી વીરાજ ધુલ્લા અને હંસા ખોનાએ સુપેરે પાર પાડી. બહેનોએ જીજ્ઞાસાથી પ્રોગ્રામ મળ્યું. બેંકના કર્મચારીઓનો સુંદર સાથ સહકાર રહ્યો.

તા.૧૮ ઓગસ્ટના ૫ વર્ષથી ૧૩ વર્ષના બાળકો માટે આજ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ છે.

તા.૨૧ ઓગસ્ટના મહિલાઓની ડિમાન્ડ પર આજ પ્રોગ્રામ બેન્કીંગની જાણકારીનું મહિલાઓ માટેનું આયોજન શ્રી વીરજી વરાજ મેપાણી હોલ, દેવપુંજ, મુલુંડ (વે)ના ૪ થી ૫.૩૦ વાગ્યા સુધી કરવામાં આવેલ છે.

જેમાં ૩૦ થી ૩૫ બહેનોએ ઉત્સાહપૂર્વક વિવિધ સવાલો દ્વારા બેંક વ્યવહાર વિષયક જાણકારી મેળવી. વિરાજ ધુલ્લા, ભારતી લોડાયાસ પારૂલ ધુલ્લા અને કાશ્મીરા ચુર્લાએ સવાલોના સરળ ઉકેલ બતાવી ડેબિટકાર્ડ, ક્રેડિટકાર્ડનો ઉપયોગ કેમ કરવો, ચેક કેમ લખવા, સ્લીપ કેમ ભરવી વિગેરે બેકીંગ વ્યવહાર સરળ રીતે સમજાવ્યા.



# સંભવ ગ્રુપ દ્વારા 'જૈન રત્નો'નું સન્માન કરાયું



સંભવ ગ્રુપ ભુજ દ્વારા ભુજનાં ટાઉન હોલ મધ્યે ભુજ જૈન સમાજની વિશાળ ઉપસ્થિતિમાં જુદા જુદા ક્ષેત્રોમાં વિશિષ્ટ સિદ્ધ પ્રાપ્ત જૈન રત્નોને સન્માનિત કરવામાં આવ્યા હતા અને સ્મૃતિચિન્હ અર્પણ કરાયું હતું.

પૂર્વ ધારાસભ્ય મોહનભાઈ શાહ, પંકજભાઈ મહેતા, પૂર્વ નગર અધ્યક્ષા હંસાબેન છેડા, જૈન ઉદ્યોગપતિ ગાંધીધામના મુકેશભાઈ સિંઘવી, અશોકભાઈ સિંઘવી, ભુજના કમલેશભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં જૈન રત્નોને સન્માનિત કરાયા હતા. ભુજ અને કચ્છમાં માનવસેવા અને જીવદયા ક્ષેત્રે શ્રેષ્ઠ કાર્ય કરનાર પ્રબોધ મુનવરને કમલેશભાઈ સંઘવીના વરદ હસ્તે સન્માનપત્ર અર્પણ કરાયું હતું. એજ્યુકેશન, સ્પોર્ટસ, કલા, બિઝનેશ, સેવા, જીવદયા, રક્તદાન, સેવાકીય સંસ્થા, વુમન પાવર, સંશોધન ક્ષેત્રના વિવિધ જૈન રત્નોને સન્માન પત્ર આપી નવાજવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન આદર્શ સંઘવીએ કર્યું હતું.



|| શ્રી સુમતિનાથય નમઃ ||

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ**

મે. વિરચંદ નરસી, પો.બો.નં.૧૧, મલકાપુર - ૪૪૩ ૧૦૧ (જી. બુલડાણા)

Phone : (07267) 222032, 222232, Gram : Kumar

**પ.પુ. સાધ્વી શ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪નો ચાર્તુમાસ પારોલા છે. દર્શન વંદનનો લાભ લેશોજી. સવારના ૯ થી ૧૦ વ્યાખ્યાન**

## જનરલ સભાનું એજન્ડા

મહારાષ્ટ્ર એકમની જનરલ સભા રવિવાર ૨૩ સપ્ટેમ્બર ૧૮ પારોલા મુકામે બપોરના ૧.૩૦ કલાકે

**પ્રમુખ શ્રી તિલોકચંદબાઈ નરશીભાઈ દંડના અધ્યક્ષતામાં**

નીચે મુજબના વિષયો ઉપર ચર્ચા વિચારણા કરવા બોલાવવામાં આવેલ છે. સર્વેને સમય પર હાજરી આપવા વિનંતી છે.

**વિષય**

૧) શ્રધ્ધાંજલી ૨) પાછળની મિનીટ બુક વાંચીને કાયમ કરવી. ૩) અહેવાલ વાંચન ૪) ઓડીટ થયેલ તા.૩૧-૩-૧૮ સુધીના રીપોર્ટને મંજુરી. ૫) ૨૦૧૮-૨૦૧૯ના અંદાજ-પત્રકને મંજુરી તેમજ કારોબારીની મિટીંગમાં લેવાયેલા નિર્ણયોને મંજુરી આપવી. ૬) ૨૦૧૮-૨૦૧૯ના વર્ષ માટે ઓડીટરની નિમંણુક કરવી. ૭) વ્યક્તિ વિશેષોનું સન્માન. ૮) એકમના ઉત્કર્ષને અનુલક્ષીને ઉપસ્થિત સભ્યોનું માર્ગદર્શન પર વક્તવ્ય. ૯) પ્રમુખ સાહેબની મંજુરીથી એન સમય પર આવેલ વિષયો પર ચર્ચા વિચારણા તેમજ મંજુરી. ૧૦) કોરમના અભાવે મુલત્વી રહેલ સભા તેજ દિવસે અડધા કલાકે પછી મળશે.

**ટીપ :** ઉતારા તથા જમવાની વ્યવસ્થા મિટીંગના સ્થળે રાખવામાં આવેલ છે.

**નોંધ :** વ્યવસ્થા સરળ થાય તે માટે આપનો મિટીંગના સ્થળે આવવાનો કાર્યક્રમ આઠ દિવસ પહેલા પારોલા સરનામે જણાવશોજી.

**કાર્યક્રમ સ્થળ :**
**શ્રી શાંતિનાથજી જૈન દેરાસર,**
રથ ગલ્લી, પારોલા - ૪૨૫ ૧૧૧.
**ફોન નં.: ૦૨૫૯૭-૨૯૨૪૪૯**

લિ.
**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ**
માનદમંત્રી
**ગોવિંદજી નેણશી સોની,** (ધુલીયા)

**ટીપ :** ૧) સામાન્ય સભાની મિટીંગમાં કોઈપણ ઠરાવ મુકવો હોય અને જે કોઈ પ્રશ્નો પુછવા હોય તે સર્વ લેખી માનદ મંત્રીશ્રીને મિટીંગની તારીખ પહેલા આઠ દિવસ અગાઉ મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી. ૨) કારોબારી સમિતીની મિટીંગ તા.૨૩-૯ના સવારના ૧૦.૩૦ કલાકે રાખવામાં આવેલ છે.

SHREE KDO SAMAST MAHAJAN
YUVA
YOUTH UNITED FOR VISION AND ACTION

# 1st KDO NATIONAL JOB FAIR

SPONSORED BY

HD FIRE PROTECT PVT. LTD.

## HOTEL TIP TOP PLAZA,
LBS Road, Thane (W)

1ST SEPTEMBER 2018, 10 AM - 2 PM

*Register Now*

**http://bit.ly/kdojobfair**

*OR SCAN THE QR CODE*

*Email us your Resume on*

**yuva@kdosamastamahajan.org**

*Contact Us*

**9769981860 | 9833474744 | 7303093827**

*KDO Samast Mahajan Yuva*
*@kdoyuva*

*www.kdosamastamahajan.org*


# શ્રી ક.દ.ઓ.જૈન સંઘ પુના દ્વારા અષાઢી બીજની ઉજવણી



અષાઢી બીજની ઉજવણી શ્રી પુના સંઘ દ્વારા પુરજોશથી કરાયેલ શરૂઆત નવકાર મહામંત્રથી માતુશ્રી કાંતાબાઈ લક્ષ્મીચંદ રતાણીએ કરેલ. મંત્રી સૌ રીટા ભરત ભાટે દ્વારા ગત મિનિટસ તથા અહેવાનું વાંચન થયેલ. ખજાનચી શ્રી ભાવિન લહેરચંદ પોલડિયા દ્વારા ઓડિટેડ હિસાબ રજુ કરાયેલ. ગત વર્ષ દરમિયાન સંઘમાંથી વિદાય લીધેલ સદગત આત્માઓને શ્રધ્ધાંજલી અપાયેલ તથા નવા જન્મ, સગપણ, લગ્નની માહિતી પીપીટી દ્વારા અપાયેલ. જેની તૈયારી ભાવિન પોલડિયા તથા દેવેન્દ્ર પ્રતાપ લોડાયાએ કરેલ. આ વરસે કલ્ચરલ કોઓર્ડીનેટર્સની જવાબદારી બખુબી સુપ્રિયા આકાશ લોડાયા તથા અમિત ઝવેરચંદ લોડાયાએ નિભાવેલ.









શરૂઆત સ્વાગતગીતથી થઈ. હીના અનિલ ધરમશી તથા કરિના મનોજ ધરમશીએ કરેલ. 'ફેન્સી ડ્રેસ' બાળકો દ્વારા સુંદર રજુઆત કરાયેલ. જેનું સંચાલન દીપક રતનશી લોડાયાએ ચોટદાર રીતે કરેલ. ત્યાર બાદ 'સખીવૃંદ' દ્વારા લાડો ગ્રુપ ડાન્સનું સુંદર પ્રસ્તુતીકરણ મીરા જયેશ નાગડા તથા મયુરી પ્રગ્નેશ લોડાયા દ્વારા સંયોજીત કરેલ. ભાવના તથા ખુશાલ લાલજી મહેશ્વરી દ્વારા નિર્દેશીત તથા ઉત્કર્ષ ખુશાલ મહેશ્વરી લિખીત, વડીલોને આવરી લેતો ઉત્કૃષ્ટ કાર્યક્રમ Our Senior Stars as our National Leaders રજુ થયેલ. જેનું સફળ સંચાલન નાની ઉમરે આકર્ષિત છટાથી ધૈર્ય દિપક લોડાયાએ કરેલ તથા વડીલોએ ઉત્તમ અભિનયથી કાર્યક્રમમાં ચાર ચાંદ લગાડેલ. ત્યારપછી સોલોડાન્સ, સ્કીટ વગેરે પેશ કરાયેલ. શ્રી સંઘ દ્વારા ત્રિવાર્ષિક દાતાઓનું પુણેરી પાઘડી પહેરાવી સન્માન કરાયેલ. જેનું સુંદર સંચાલન સૌમીતા પ્રશાંત લાલકાએ કરેલ.

છેલ્લા વીસ વરસથી નિસ્વાર્થ ભાવે દિલોજાનથી, અખંડ અને અવિરત તનમન ધનથી પુના સંઘમાં સેવા આપનાર શ્રી ખુશાલ લાલજી મહેશ્વરીનું માનપુર્વક શ્રી સંઘ દ્વારા બહુમાન કરાવાયેલ. જેની સંકલ્પના શ્રી સંજય નવીનચંદ્ર ધરમશીની હતી. પ્રમુખશ્રી કિશોર તેજપાલ રતાણી દ્વારા બાળકોને ઈનામ અપાયેલ. કાર્યક્રમને સફળ બનાવવા સંપૂર્ણ કમિટિએ જહેમત લીધેલ. સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લઈ સૌ છુટા પડેલ.

# મુલુંડના આંગણે ૧૯ ઓગસ્ટના રોજ નાટક સ્પર્ધા અને ત્રણ કલ્યાણકોની ઝાંખી સાથે શિવામાતાના થાળનો ભવ્ય કાર્યક્રમ સંપન્ન




શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ અને શ્રી સમસ્ત અચલગચ્છ જૈન સમાજ-મુલુંડ દ્વારા રવિવાર તા.૧૯ ઓગસ્ટના શ્રી નેમિનાથદાદાના જન્મ-દીક્ષા કલ્યાણક નિમિત્તે નાટક સ્પર્ધા અને ત્રણ કલ્યાણકોની ઝાંખી સાથે ગીત-સંગીત-નૃત્યના સથવારે શિવામાતાના થાળના ભવ્ય કાર્યક્રમનું આયોજન શ્રી વાસુપૂજ્ય જિનાલય, ઝવેર રોડ, મુલુંડ ખાતે કરવામાં આવ્યું હતું.

પરમાત્માના પ્રેમાળ સાનિધ્યમાં, ગુરૂદેવ ગુણસિંધુસૂરિની અસીમ કૃપાથી તપચક્ર ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના અસીમકૃપાથી પ.પૂ.આ.ભ.શ્રી કલા-કવિ-વીર-મહોદયસાગરસૂરીશ્વરજી અંતર આશિષોથી પ્રવર્તિની, મહત્તરા અચલગચ્છ શ્રમણી નાયિકા, પ.પૂ.ગુરૂવર્યાશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા, સરલહૃદયા પ.પૂ.ગુરૂવર્યાશ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા. અને World First in Cow, M.Phill, Ph.d. ગૌવિજ્ઞાનની લાઈફ ટચ, આત્મસ્પર્શી, પ્રવચન કારિકા, પ.પૂ.ગુરૂવર્યાજી દેવરક્ષિતાશ્રીજી મ.સા., પૂ.સા.શ્રી ચૈતન્યરક્ષિતાશ્રીજી મ.સા., પૂ.સા.શ્રી વ્રતરક્ષિતાશ્રીજી મ.સા. આદિઠાણા ચારની શુકનવંતી પાવન નિશ્રામાં આ ભક્તિરસપૂર્ણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં નેમીસૂરી સમુદાયના આ.ભ.નિર્મલચંદ્રસૂરીશ્વરજી મહારાજસાહેબ પધારી અને શ્રાવકોને માંગલિક સંભળાવ્યું હતું.

બપોરે ૨ વાગ્યે ગુરૂદેવશ્રીના વંદન-માંગલિક અને દીપ પ્રાગટયથી કાર્યક્રમની શુભ શરૂઆત થઈ હતી. શ્રી સંઘના બાળકોએ સર્વ મહાનુભાવો અને મહેમાનોનું સ્વાગત કર્યું હતું. શિવામાતાના થાળની શરૂઆત કરતાં પહેલાં પ.પૂ. ગુરૂદેવએ કાર્યક્રમનો મહિમા સંભળાવ્યો હતો. ત્યારબાદ શિવામાતાના થાળના મુખ્ય કાર્યક્રમની શરૂઆત ભોજનનો સમય થયા છતાં શિવામાતાને પોતાનો બાળક નેમ ક્યાંય ન દેખાતાં તેનું હાંફળાફાંફળા થવું, તેમની સખીઓનું તેમને સાંત્વન આપવું. શિવામાતાનું ભૂતકાળમાં સરી નેમના જન્મ પહેલાં ૧૪ સ્વપ્નાનું અને પ્રભુના જન્મના ૫૬દિક્કુમારીકાના દશ્યોને જોવું, નેમકુમારનો પ્રવેશ અને શિવામાતા, દાસી પ્રિયંવદા અને સખીઓનું તેમને જન્મકલ્યાણક નિમિત્તે પ્રેમ અને ભક્તિ સાથે વિવિધ સદ્ગુણોરૂપી ભોજનના રસથાળ ખવડાવવા જેવા પ્રસંગો સુમધુર સંગીત અને મનમોહક નૃત્યના સથવારે રજૂ કરી ભાવિક પ્રેક્ષકોને ભક્તિરસમાં તરબોળ કરવામાં આવ્યા. આ કાર્યક્રમના હાર્ટસમા અ.સૌ.ટ્વીંકલ પ્રણય મહેન્દ્ર પાસડ પ્રભુના માતા-પિતા બનીને હૃદય દાયક દશ્યો રજુ કર્યા હતા.




# મુલુંડના આંગણે ૧૯ ઓગસ્ટના રોજ નાટક સ્પર્ધા અને ત્રણ કલ્યાણોકોની ઝાંખી સાથે શિવામાતાના થાળનો ભવ્ય કાર્યક્રમ સંપન્ન (૧૦મા પાનેથી ચાલુ)






આ અતિસુંદર ભક્તિસભર આયોજનમાં નેમનાથ પ્રભુના માતાપિતા બનવાનો લાભ લેનાર ભાગ્યશાળી હતા શ્રીમતી નવલબેન ભાણજી પાસડ પરિવાર (ગામ શેરડી) તથા પ્રિયંવદા દાસી બનવાનો લાભ લેનાર પુણ્યાત્મા શ્રીમતી હિમલતા વીરજી ખીમસરીયા (ગામ ઉનડોઠ), આ અનુષ્ઠાનના સ્વામી વાત્સલ્ય સહિત સંપૂર્ણ લાભાર્થી હતા શ્રીમતી નવલબેન ભાણજી પાસડ પરિવાર (શેરડી). કાર્યક્રમમાં મધુર સંગીતથી ભાવિકોને ભક્તિરસથી ભીંજવ્યા હતા, નવકાર મંત્ર આરાધક ક્યચન્ન, મેઘનંદુ બાંધવ બેલડીએ અને કૃષ્ણકાંત શામાણી એન્ડ પાર્ટીએ આ સંપૂર્ણ કાર્યક્રમની ફોટોગ્રાફી તારેન્દ્ર વોરા (ત્રિલોક ફોટાવાળા)એ કરી હતી.

આ કાર્યક્રમમાં શ્રી નેમિનાથ ભગવાનને થાળ ધરાવવા માટેની સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં ૧૦૦થી વધુ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાંથી ૫ બહેનોને શ્રેષ્ઠ થાળ માટે ઈનામ આપવામાં આવ્યું હતું. ઈનામ વિજેતાના નામો : પ્રથમ વિનર-રિટા હિતેશ લોડાયા, દ્વિતીય વિનર- હેમલતા વિશનજી, તૃતીય વિનર-જયશ્રી લાપસીયા, ચોથા વિનર-નેહલ વિસરીયા, પાચમાં વિનર-શિલ્પા નાગડા. આ સ્પર્ધામાં નિર્ણાયકની ભૂમિકા શ્રીમતી જસ્મીના જયંત છેડાએ નીભાવી હતી. આ પ્રસંગે લકી ડ્રો દ્વારા એક ભાવિકને સમેત શિખરજી યાત્રાની લોટરી લાગી હતી. શિવમાતાના થાળ કાર્યક્રમના લાભાર્થીઓનું ટ્રસ્ટીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમની ડ્રામાની પ્રેક્ટિસ પ્રો.કવિતભાઈ સાગર અને અલ્કાબેન તથા શિલ્પાબેને કરાવી હતી. ડાન્સની પ્રેક્ટિસ અલ્પા આણંદજી ગાલા-ઉનડોઠવાળાએ કરાવી હતી. એલઈડી સ્ક્રીનની ગોઠવણી જયંતીભાઈએ કરી હતી. આ કાર્યક્રમની યશકલગી હતી. ભગવાનની આજ્ઞાપ્રમાણે બેસાડીને જમવાની જેમાં મુલુંડની શ્રાવક-શ્રાવિકાઓએ પ્રેમથી પીરસ્યું હતું. આ કાર્યક્રમના સાધર્મિક ભક્તિ લઈને સંપૂર્ણ લાભાર્થી પરિવાર કચ્છી સમાજના ખ્યાતનામ દાનવીર માતુશ્રી નવલબેન ભાણજી ગોવા પાસડ પરિવાર કચ્છ શેરડી-મુલુંડ, અ.સૌ.જયશ્રી મહેન્દ્ર પાસડ, અ.સૌ.ટવીંકલ-પ્રણય-મહેન્દ્ર પાસડ, વિરલ પાસડ, અ.સૌ. પ્રીતિ પ્રફુલ્લ પાસડ, કુ.શ્રેયા, ચિ.પ્રિયાંક પ્રફુલ્લ પાસડ છે. આ કાર્યક્રમમાં ભીંવડી, થાણા, ભાંડુપ, નામાસોપારા, ડોમ્બીવલી, બોરીવલી, ઘાટકોપર, માટુંગા આદિ મુંબઈના અનેક પરાઓમાંથી ભાવિકો આમંત્રણને માન આપી પધાર્યા હતા.

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, ગદગ

ગદગ શહેરના શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દાદાની ૧૦૪મી વર્ષગાંઠ નિમિત્તે મહાજનશ્રીના નેજા હેઠળ ત્ર્યાહાન્હિકા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ.

ગદગના સ્નાત્ર મંડળને ૫૦માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે તા.૧૮-૮-૨૦૧૮ના શનિવારના શ્રી સિધ્ધચક્ર મહાપૂજન રાખવામાં આવેલ. પૂજન બાદ ચૌવિહારની વ્યવસ્થા મંડળ દ્વારા રાખવામાં આવેલ.

તા.૧૯-૮-૨૦૧૮ના રવિવારના ૧૮ અભિષેક રાખવામાં આવેલ. સાંજના ચૌવિહારની વ્યવસ્થા કરવામાં આવેલ.

તા.૨૦-૮-૨૦૧૮ના સોમવારના દેરાસરની ૧૦૪મી વર્ષગાંઠ નિમિત્તે સત્તરભેદી પૂજા ભણાવવામાં આવેલ. ધ્વજા ચઢાવવાનો ચઢાવો મણ ૧૬૬૧૬માં કુમારી નિધિ તથા કુમારી લિપિ કુમારપાળ લાલકાએ લીધેલ. બપોરના સ્વામીવાત્સલ્ય જમણની વ્યવસ્થા મહાજનશ્રી દ્વારા કરવામાં આવેલ. ૩ દિવસ નયન રમ્ય આંગી રચના શ્રીમતી નિશાબેન નવીન મોતા દ્વારા કરવામાં આવેલ.

વિધિકાર તરીકે મુંબઈથી શ્રી ચિરાગ સંગોઈ તથા તેમની મંડળી પધારેલ તથા સંગીતનો સાથ આપણા સમાજના કલાકારોએ આપેલ

# ચર્તુથ સંમેલનની તૈયારી રૂપે શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન દ્વારા હુબલી શહેરમાં મિટીંગ કરાઈ

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન હુબલીની સાથે તા.૨૩-૮-૨૦૧૮ના સાંજે ૬.૩૦ કલાકે 'માયફેર ઓડીટોરીયમ' હુબલીમાં મળેલ. હુબલી મહાજનના પ્રમુખ શ્રી ભરતભાઈ બી. ખીમજી, માનદ્‌મંત્રી ભરતભાઈ મોમાયા તથા જ્ઞાતિના લગભગ ૮૦ જણાએ સભામાં ભાગ લીધેલ. સમસ્ત મહાજનની કાર્યવાહીની રૂપરેખા સેક્રેટરી જનરલ નિશીથ દંડે આપેલ. આગામી ચતુર્થ સંમેલનની રૂપરેખા વરાયેલ પ્રમુખ મુલચંદભાઈ મોતાએ આપેલ. મેનેજીંગ ટ્રસ્ટી કિર્તીકુમાર ધરમશી તથા ટ્રસ્ટી રાજેશ મોમાયા સમસ્ત મહાજન વતી પણ હાજર રહેલ. જ્ઞાતિમાંથી આવેલ સુજાવ બાબત ચર્ચા વિચારણા કરી રાત્રે ૮.૧૫ કલાકે સભા પૂર્ણ થયેલ. હુબલી તરફથી પુરેપુરો સાથ સહકાર આપવાની જાહેરાત થઈ.









**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# અનંતનાથ દાદાની ૧૮૫ ધ્વજા મહોત્સવ




શ્રી અનંતનાથ જિનાલય, મસ્જિદ બંદર, શ્રી અનંતનાથ દાદાની ૧૮૫મી ધ્વજા મહોત્સવ દરમ્યાન આયોજાયેલ ત્ર્યાન્હિકા મહોત્સવના દ્વિતીય દિવસે ૧૮ અભિષેકનું આયોજન કરવામાં આવેલ. શનિવાર તા.૧૮-૮-૧૮ના સવારના ૯.00 કલાકે યતિવર્યશ્રી મોતીસાગરજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી નંદીવર્ધનાશ્રીજી મ.સા. ઠાણા ૪ની નિશ્રામાં લાભાર્થી પરિવારો દ્વારા ચડાવા તેમજ નકરા દ્વારા સમગ્ર જિનાલયના પ્રતિષ્ઠિત પ્રતિમાજીઓ તથા દેવ-દેવીઓના અઢાર અભિષેક ઉલ્લાસિત વાતાવરણે શ્રી ભરતભાઈ શાહના સંગીત સાથીદારો સાથે સંપન્ન કરવામાં આવ્યા. અભિષેક બાદ શ્રી મસ્જિદ બંદર સંઘ દ્વારા સાધર્મિક ભક્તિનું આયોજન રાખવામાં આવેલ.



નોંધ : લાભાર્થી પરિવારોનું લીસ્ટ જોડેલ છે તથા ફોટોગ્રાફ્સ

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તના સાધારણ ફંડો**

**૧૮ અભિષેક માટેના નકરા રૂપિયામાં (૧૮-૮-૨૦૧૮)**

**લાભાર્થી પરિવારો**

૨૧ દેરીઓ દરેકના નકરો - પ્રથમ દેરીઓના દાતાઓને લાભ અપાશે.

પંચ ધાતુ શ્રી પ્રતિમા, યંત્રો તથા સિધ્ધચક્રજી - ભાવિકો

શ્રી પાર્શ્વનાથજી (ગોખલામાં) - શ્રી હીરેનભાઈ નવિનચંદ્ર લાપસીયા

શ્રી શાંતિનાથજી (ગોખલામાં) - પ્રમિલાબેન જયંત કુરૂવા



શ્રી ચંદ્રપ્રભુજી (ગોખલામાં-દેરી નં.૧ ની તરફ) - શ્રી વિજય કાનજી વિકમશી

શ્રી ચંદ્રપ્રભુજી (ગોખલામાં-દેરી નં.૨૧ની તરફ) - દીપીકાબેન નાગડા

શ્રી કલ્પ (મહાકાલી માતાજી) - સદગૃહસ્થ પરિવાર

શ્રી પદ્માવતી દેવી - શ્રી વીપલ ઉદય કુરૂવા

શ્રી અંબિકા દેવી - શ્રી લલિત ચત્રભુજ પટેલ

શ્રી ચક્રેશ્વરી દેવી - શેઠશ્રી દિનેશ નાયક જેઠાભાઈ દંડ



શ્રી મહાકાલી દેવી - (પહેલા માળે) - પ્રીતિબેન હરીશ મૈશેરી

શ્રી કલ્યાણસગરસૂરીજી મ.સા. - ભાવિકો

શ્રી પદ્માવતી દેવી (ગોખલામાં અંબિકાદેવીની બાજુમાં) - શ્રી કાનજી હંસરાજ લોડાયા

શ્રી ક્ષેત્રપાલદાદાજી - શ્રી યોગેશ સોમચંદ કુરૂવા

શ્રી ગુરૂ પાદુકા - ભાવિકો

શ્રી ચૌમુખજી - શ્રી પંકજ ચત્રભુજ પટેલ

# અનંતનાથ દાદાની ૧૮૫ ધ્વજા મહોત્સવ (૧૩મા પાનેથી ચાલુ)





શ્રી સરસ્વતી દેવી - પ્રીતિબેન હરીશ મૈશેરી

શ્રી ગૌતમસ્વામી - લતાબેન લહેરચંદ વિકમશી

**અભિષેક દરમ્યાન ચડાવા**

**ચંદ્રદર્શન** - માતુશ્રી રાજબાઈ કેશવજી મોમાયા - વરાડીયા, મસ્જિદ બંદર

**સૂર્યદર્શન** - શ્રી રાયચંદ શીવજી છેડા - વારાપધર, મસ્જિદ બંદર

**૧૦૮ દીવાની આરતી તથા મંગલ દીવો** - શ્રી ટોકરશી આણંદજી લાલકા - લાલા, ઘાટકોપર



**શાંતિ કળશ** - માતુશ્રી રાજબાઈ કેશવજી મોમાયા - વરાડીયા, મસ્જિદ બંદર

**શ્રી દેવાધિદેવ શ્રી અનંતનાથ દાદાની ૧૮૫મી વર્ષગાંઠ નિમિત્તે ત્ર્યાન્હિકા મહોત્સવ**

**શુક્રવાર તા.૧૭-૮-૨૦૧૮ થી રવિવાર તા.૧૯-૮-૨૦૧૮ સુધી ધ્વજા રોહણ મહોત્સવ શ્રી ૧૮ અભિષેકના લાભાર્થી પરિવાર**









# અનંતનાથ દાદાની ૧૮૫ ધ્વજા મહોત્સવ (૧૪મા પાનેથી ચાલુ)





મૂળનાયક શ્રી અનંતનાથજી અને બંને આજુબાજુના પ્રતિમાજી મણમા – શ્રી રાયચંદ શીવજી છેડા પરિવાર
મૂળનાયક શ્રી પાર્શ્વનાથજી અને બંને આજુબાજુના પ્રતિમાજી મણમાં – માતુશ્રી પાનબાઈ ચુન્નીલાલ રાંભિયા
મૂળનાયક શ્રી મહાવીર સ્વામીજી અને બંને આજુબાજુના પ્રતિમાજી મણમાં – માતુશ્રી નિર્મળાબેન તારાચંદ ધરમશી
શ્રી અનંતનાથજી પ્રભુ ચાંદીના પ્રતિમાજી મણમાં – શ્રી વિપુલભાઈ નવીનભાઈ મોમાયા પરિવાર

**શ્રી દેવાધિદેવ શ્રી અનંતનાથ દાદાની ૧૮૫મી વર્ષગાંઠ નિમિત્તે ત્ર્યાન્હિકા મહોત્સવ**

**સોમવાર તા.૧૮-૮-૨૦૧૮ સવારમાં અભિષેક ૨૧ દેરીઓના દાતા પરિવાર**

દેરી નં.૧ શ્રી આદિનાથજી – શ્રીમતી કલ્પનાબેન શામજી દંડ/ શ્રીમતી ગીતાબેન વિનોદ ડાઘા
દેરી નં.૨ શ્રી અજીતનાથજી – શ્રી ટોકરશી આણંદજી લાલકા
દેરી નં.૩ શ્રી સંભવનાથજી – શ્રી પ્રેમચંદ મુલજી સોનાવાલા
દેરી નં.૪ શ્રી અભિનંદનજી – શ્રી કેશવજી વેલજી મોમાયા
દેરી નં.૫ શ્રી સુમતીનાથજી – શ્રી નરશી જેઠાભાઈ દંડ
દેરી નં.૬ શ્રી પદ્મપ્રભુજી – માતુશ્રી જેઠીબાઈ હિરજી ખોના
દેરી નં.૭ શ્રી સુપાર્શ્વનાથજી – માતુશ્રી કાંતાબેન ગોવિંદજી લોડાયા
દેરી નં.૮ શ્રી ચંદ્રપ્રભુજી – શ્રી ગોવિંદજી ખીમજી દંડ
દેરી નં.૯ શ્રી સુવિધિનાથજી – શ્રી કિશોર શીવજી મોતા
દેરી નં.૧૦ શ્રી શિતલનાથજી – માતુશ્રી પ્રેમિલાબેન મેઘજી મોતા
દેરી નં.૧૧ શ્રી શ્રેયાસનાથજી – માતુશ્રી નવલબાઈ દામજી ધરમશી
દેરી નં.૧૨ શ્રી વાસુપૂજ્યસ્વામી – માતુશ્રી કસ્તુરીબેન કે. વિકમશી
દેરી નં.૧૩ શ્રી વિમલનાથજી – શ્રી હિરાચંદ અરજનભાઈ પટેલ
દેરી નં.૧૪ શ્રી ધર્મનાથજી – શ્રી કાંતિલાલ ખીમજી ગોસર
દેરી નં.૧૫ શ્રી શાંતિનાથજી – માતુશ્રી વાલબાઈ રાયચંદ નાગડા
દેરી નં.૧૬ શ્રી કુંથુનાથજી – શ્રી નરશી હંસરાજ ખોના
દેરી નં.૧૭ શ્રી અરનાથજી – શ્રી મુલજી રાઘવજી લોડાયા
દેરી નં.૧૮ શ્રી મલ્લીનાથજી – શ્રી નરેશ શામજીખોના
દેરી નં.૧૯ શ્રી મુનિસુવ્રતસ્વામી – શ્રી જયંતભાઈ ભવાનજી સોની
દેરી નં.૨૦ શ્રી નમિનાથજી – શ્રી રાયચંદ હંસરાજ ધરમશી
દેરી નં.૨૧ શ્રી નેમનાથજી – માતુશ્રી લક્ષ્મીબેન રાયચંદ ધુલ્લા







# સાંયરા ગામે દોઢગામની જાત્રાની આરાધના

કચ્છ ગામ સાયરાંમાં પ.પૂ.સા. શ્રી ચારુપ્રજ્ઞાશ્રીજી મ.સાની નિશ્રામાં શત્રુંજય ગિરિરાજના રમણીય પ્રતિકૃતિ સમક્ષ દોઢગામની જાત્રાની આરાધના કરાયેલ.








# નલિયા મામલતદાર કચેરી બાહર અબડાસાની વિવિધ પાંજરાપોળના સંચાલકો દ્વારા ઉપવાસ આંદોલન




કચ્છમાં આ વરસે વરસાદ અનિયમિત અને અપૂરતો છે. ઘાસના અપૂરતા પૂરવઠાને લઈને હાલાકી થઈ રહી છે. સરકાર તરફથી જાહેર કરાયેલ ઘાસનો જથ્થો પણ ન મળતાં પાંજરાપોળના સંચાલકો ત્રસ્ત છે, પશુઓ ભુખે મરી રહ્યાં છે. અગાઉ અનેકવાર રજૂઆત કર્યા છતાં તંત્ર આ બાબતે સજાગપણે સહકાર ન આપતાં તાલુકા મુખ્ય મથક નલીયા ખાતે તેરા, ભવાનીપર, સુથરી, નલીયા, કોઠારા, જખૌ, પરજાઉ તથા રાતા તળાવના પાંજરાપોળના અગ્રણીઓ નલીયામાં મામલતદાર કચેરી બહાર ઉપવાસ પર ઉતર્યા હતા. રાતા તળાવના મનજીભાઈ ભાનુશાલીએ આત્મવિલોપનની ધમકી આપતા તંત્ર દોડતું થયું. મામલતદાર વી.ડી. પૂજારા ઉપવાસીઓની મુલાકાત લઈ કચ્છ કલેક્ટર રેમ્યા મોહન સાથે ફોન સંપર્ક કરી તાબડતોબ ઘટતું કરવાની ખાત્રી આપી હતી.





# કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ દ્વારા કચ્છી નવા વર્ષની ઉજવણી કરાઈ



તા. ૫-૮-૨૦૧૮, રવિવારે કચ્છી નવા વર્ષ નિમીતે એક સાંસ્કૃતિક પ્રોગ્રામનું આયોજન શ્રી કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદે કરેલ.

પ્રોગ્રામની શરૂઆત શ્રી નરશી નાથાના ફોટા સમક્ષ દિપ પ્રાગટ્ય કરી શ્રી પ્રફુલભાઈ ધરમશી તથા અન્ય ટ્રસ્ટીગણ-કારોબારી સભ્યોએ કરેલ.

તહેવારોની ઉજવણીના થીમ ઉપર ૫૦ થી વધારે જ્ઞાતિ સમાજના યુવા યુવતી-નાના બાળકોએ પોતાનું ટેલેન્ટ બતાવેલ.

આ પ્રોગ્રામનું સંચાલન રાજેશ ધરમશી તેમજ નવયુગ યુથફોરમના યુવાનોએ કરેલ.







## કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ દ્વારા કચ્છી નવા વર્ષની ઉજવણી કરાઈ (૧૮મા પાનેથી ચાલુ)





યુ-ટ્યુબ અને ફેસબુક પર લાઈવ પ્રોગ્રામની જવાબદારી ગુંજલ આશિષ લોડાયાએ સ્વીકારી હતી. પ્રોગ્રામને સફળ બનાવવા દરેક જ્ઞાતિજનો એ સુંદર સાથ સહકાર આપેલ.

પ્રોગ્રામ બાદ ચોવિહારની વ્યવસ્થા રાખેલ. ત્યારબાદ રાસ-ગરબાની રમઝટ જ્ઞાતિજનોએ હોંશપૂર્વક માણેલ.






LA.LAA.PO.

VIPUL ESTATE AGENCY

MAHA RERA Reg : A51800011694



Dealing in :
All kinds of
• Residential
• Commercial
• Properties
• Shops
(Sale, Purchase, Rent, Pre-Lease)

• Mulund • Bhandup •Thane & All Over Mumbai

Email : vipularmada@gmail,com

Vipul L. Poladia
9833060660
9869167172
8369170575

Laxmichand L. Poladia
(LIC AGent)
09930008339
07567207479

Chandresh Somchand Lodaya
(+91) 98671 70789 • 98671 70794



WORK IS WORSHIP

MA OM PARIVAHAN PVT. LTD.

Tel. : 022-21636403 / 05 Fax : 022-21636394
Email : somchand@maom.net
Web : www.maomparivahan.com

WAREHOUSE
Mumbra-Panvel Road, Dahisar (Mori), Dist. Thane
M. : 9867170790 / 781

SHREE KDO SAMAST MAHAJAN
YUVA
YOUTH UNITED FOR VISION AND ACTION

# 1st KDO NATIONAL JOB FAIR

SPONSORED BY HD FIRE PROTECT PVT. LTD.

# REGISTER YOUR COMPANY NOW!

## BENIFITS

- **FREE REGISTRATIONS!**
- Choose your ideal candidate among a large pool of freshers & experienced people.
- Free listing of companies in Advertisements & Social Media.

## CANDIDATE PROFILES

CA,CA Articleship, CS, CS Intern, B. Com., M. Com., MBA, MMS, Engineering, BE, BSC, MSC, BCA, MCA, Fashion Designer, Interior Designers, Under Graduates, Diploma, etc.

**HOTEL TIP TOP PLAZA,**
LBS Road, Thane (W)
1ST SEPTEMBER 2018, 10 AM - 2 PM

*For further details :* **9773008712 | 8655465524 | 9833474744**

yuva@kdosamastamahajan.org

|| શ્રી સુમતિનાથય નમઃ ||

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ

મે. વિરચંદ નરસી, પો.બૉ.નં.૧૧, મલકાપુર - ૪૪૩ ૧૦૧ (જી. બુલડાણા)
Phone : (07267) 222032, 222232, Gram : Kumar

## તા.૩૧-૩-૨૦૧૮ના દિવસે સમાપ્ત થયેલ વર્ષનો આવક જાવકનો હિસાબ

| જાવક | | આવક | |
|---|---|---|---|
| સ્ટેશનરી પ્રિટીંગ/એડર્વ્હટાઈજ | ૨૧,૦૦૦.૦૦ | ફિક્સ ડીપોઝીટ વ્યાજ તથા બેંક વ્યાજના | ૨,૦૧,૬૯૬.૯૦ |
| ટ્રસ્ટના ઉદ્દેશો અંગે ખર્ચ | | ડિવિડંડ | ૯૫.૦૦ |
| માનવ ઉત્કર્ષ | ૧,૨૬,૦૦૦.૦૦ | સાધર્મિક સહાયતા | ૭૮,૩૪૦.૦૦ |
| શૈક્ષણિક સહાયતા | ૧,૯૬,૨૮૯.૦૦ | શૈક્ષણિક ફંડ | ૦૦.૦૦ |
| | | આવક કરતા જાવક વધારે | ૬૩,૧૫૭.૧૦ |
| | ૩,૪૩,૨૮૯.૦૦ | | ૩,૪૩,૨૮૯.૦૦ |

## સરવૈયુ તા.૩૧-૩-૨૦૧૮

| ફંડ અને જબાબદારીઓ | | મિલકત | |
|---|---|---|---|
| આજીવન સભાસદ ફી | ૧,૬૮,૪૬૮.૦૦ | રોકડા | ૧૨૦.૩૬ |
| માનવ ઉત્કર્ષ ફંડ | ૧,૫૦,૭૮૪.૦૦ | ફિક્સ ડિપોઝીટ | ૨૧,૫૯,૫૫૬.૦૦ |
| મહિલા મંચ | ૬૨,૫૯૮.૦૦ | આયડીબીઆય સેવ્હીંગ ખાતે | ૬૧,૭૩૨.૯૧ |
| શૈક્ષણિક સહાયતા ફંડ | ૧૬,૪૭,૦૬૪.૪૪ | જનતા કમ. બેંક સેવ્હીંગ ખાતે | ૭૧,૧૨૭.૧૭ |
| યુવા પ્રેરણા ફંડ | ૧૫,૭૪૫.૦૦ | મલકાપુર અર્બન બેંક સેવ્હીંગ ખાતે | ૭૮,૪૧૬.૦૦ |
| Corpus Fund | ૪,૩૮,૦૬૯.૦૦ | મહેશ અર્બન બેંક સેવ્હીંગ ખાતે | ૨,૧૭૬.૦૦ |
| સાધર્મિક વૈદ્યકિય સહાયતા | ૧૧,૪૦૦.૦૦ | શેઅર્સ જનતા કમર્શિયલ | ૧,૦૦૦.૦૦ |
| | ૨૪,૯૪,૧૨૮.૪૪ | | ૨૪,૯૪,૧૨૮.૪૪ |

તા.૩૧-૩-૨૦૧૮

લી.
શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ
ખજાનચી
ઉત્તમચંદ દેવશીભાઈ દંડ (મલકાપુર)

# કે.ડી.ઓ.વેલ્ફેર એસોસીએશન ક.દ.ઓ. સામાજીક સુરક્ષા યોજના

C/o. દીપક ગંગાજર ડાઘા, એ-૧૨૦૩, મહાવીર રેસીડેન્સી, બાલરાજેશ્વર મંદિર પાસે, એલ.બી.એસ.માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૮૦. email : kdosss@yahoo.in • Mobile : 8767753082

૨૮-૨૮ વર્ષોથી જ્ઞાતિની સેવામાં વિશ્વનું સૌથી સસ્તું બોનસ સહિત પ્રિમિયમ પરત જીવન વિમાના લાભ જેવું જ્ઞાતિજનો માટે સુરક્ષા કવચ.

૦ થી ૫૩ વર્ષની વય સુધીમાં ફક્ત એક જ વખત રૂા.૨૦૦/- સભ્યપદ ફી તથા રૂા.૨૦૦૦/- રીફંડેબલ ડીપોઝીટ ભરી અને ૫૫ વર્ષ સુધી રૂા.૭૫,૦૦૦/-નું જીવન વીમા કવચ તથા વધારાના રૂા.૭૫,૦૦૦/-નું અકસ્માતે મૃત્યુ વિમા કવચ મેળવો. અન્યથા ૫૫ વર્ષે પછી ૧૦૦% સુધી બોનસ સહિત ડીપોઝીટ પરત મેળવો.

**જરૂરી ડોક્યુમેન્ટ**

પેનકાર્ડ તથા આધારકાર્ડ, માઈનોર માટે પેનકાર્ડ ન હોય તો ગાર્ડીયનનું પેનકાર્ડ. આધારકાર્ડ બધા માટે ફરજીયાત.

**વર્તમાન પદાધિકારીઓ**

**પ્રમુખ-દીપક ગંગાજર ડાઘા, મુલુંડ**
**ઉપપ્રમુખ-શરદ હેમરાજ મોમાયા, હુબલી**
**સેક્રેટરી-રમેશ હીરજી લોડાયા, ડોંબીવલી**
**ખજાનચી-કાંતિલાલ લખમશી વિકમશી, મુલુંડ**

સંસ્થાના બાય-લો મુજબ તા.૧-૪-૨૦૧૯થી સંસ્થાની ઓફીસ હૈદ્રાબાદ ખાતે સ્થળાંતર થશે. ત્યારથી પદાધિકારીઓ નીચે મુજબ રહેશે.

શ્રી મોનીક વિનોદ ધરમશી, હૈદ્રાબાદ
શ્રી હિરેન મુલજી પટેલ, હૈદ્રાબાદ
શ્રી ધીરજલાલ જેતશી ધુલ્લા, હૈદ્રાબાદ
શ્રી દીપક ગંગાજર ડાઘા, મુંબઈ
શ્રી કાંતિલાલ લખમશી વિકમશી, મુંબઈ

આ ઉપરાંત સામાજિક સુરક્ષા યોજનાની વિગત તથા ફોર્મ માટે નીચેની મેનેજીંગ કમિટીના સભ્યો તથા એકટીવ જનરલ બોર્ડના સભ્યોનો સંપર્ક આપવા વિનંતી છે.

શ્રી અજિત માલશી લોડાયા, મુલુંડ
શ્રી અખિલેશ ધનજી વિકમશી, મુલુંડ
શ્રી ચંદ્રકાંત મોતીચંદ પટેલ, હુબલી
શ્રી ચંદ્રકાંત જીવરાજ લોડાયા, હુબલી
શ્રી ચંદ્રેશ દિનેશ નાગડા, વડોદરા
શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા, રાયપુર
શ્રી ચેતન ગોવિંદજી નાગડા, અમદાવાદ
શ્રી ચીમનલાલ મુલજી શિયાલ, સાયન
શ્રી ધિરેન્દ્ર કરમશી મોતા, માટુંગા
શ્રી ફાલ્ગુન લખમશી ખોના, ભાંડુપ
શ્રી હિરાચંદ કલ્યાણજી નાગડા, ભાંડુપ/મુંબઈ
શ્રી હિરેન કુંવરજી છેડા, હુબલી
શ્રી કૈલાશ હીરાચંદ ડાઘા, મુલુંડ
શ્રી કિશોર ગોવિંદજી કાયાણી, મુલુંડ
શ્રી કિશોર રાયચંદ લાલકા, મુલુંડ
શ્રી મહેશ કાંતીલાલ મોતા, જલગામ
શ્રી મનોજ દામજી લોડાયા, ભાંડુપ
શ્રી મુલચંદ પદમશી મોતા, બડગરા
શ્રી નીતિન પદમશી ડાઘા, નાહુર
શ્રી પદમકુમાર ધનજી નાગડા, હુબલી
શ્રી પરેશ માણેકજી દંડ, મુલુંડ
શ્રી રાજેન્દ્ર મણીલાલ ખોના, મુલુંડ
શ્રી પ્રદીપ જીવણલાલ પટેલ, હુબલી
શ્રી રાજેશ શામજી લોડાયા, વડાલા
શ્રી રીતેશ કિશોર ખોના, મુલુંડ
શ્રી સતીષ પ્રવિણચંદ્ર લુઠીયા, બેંગ્લોર
સૌ. હેમા ગુલાબ છેડા, બેંગલોર
સૌ. કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા, ચેંબુર
શ્રી સુનિલ પદમશી લાલકા
શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા, ચેન્નાઈ
શ્રી ઉમેશ વીરચંદ ધરમશી, ઘાટકોપર
શ્રી વિનય હિરાચંદ લોડાયા, ડોંબીવલી
શ્રી વિનય મુલજી લોડાયા, ભાંડૂપ
શ્રી વીરચંદ ચાંપશી ધરમશી, મુલુંડ (ઈ)

અત્યાર સુધી ૧૧૧૧૧ જ્ઞાતિજનો આ યોજનામાં જોડાયા છે. તેમાંથી સભ્યપદ દરમ્યાન ૩૩૮ સભ્યોનું અવસાન થતા એકાદ-બે અપવાદ સિવાય દરેકના નોમીનીને રકમ ચુકાવાઈ છે. ૨૯૬૯ સભ્યો રીટાયર પામતા તેમને બોનસ સહિત રકમ પરત કરાઈ છે. (સ્પોન્સર્ડ સભ્યોની રકમ પાછી ન આપતા નવા સભ્યો બનાવવા વપરાય છે)

ફીમેલ સભ્યોના મેરેજ પછી નામ બદલાયા પછી નામ-નોમીની બદલવાની જરૂર છે. પરંતુ હજુ ઘણા આવા સભ્યોએ નવા ફોર્મ (રૂા.૫૦/- ફી સાથે) નથી મોકલ્યા તો તેમને ઘટતું કરવા વિનંતી છે.

ઘણા સભ્યોના નોમીની કપાત નથી તેવા સભ્યોને પણ નવા નોમીનીના નામ માટે નવું ફોર્મ ભરી મોકલવા વિનંતી છે. ફેરફાર માટે પણ નવા સભ્યપદનું ફોર્મ જ ભરવું. નવી સર્ટીફિકેટ માટે રૂા.૫૦/- ફી છે.

સમસ્ત જ્ઞાતિને સાંકળતી આ સંસ્થાની ઉમદા સામાજીક સુરક્ષા યોજનામાં હજુ નવા સભ્યોનો ઘણો અવકાશ છે. આપ તથા પરિવારના કોણ સભ્યો મેમ્બર છે, તે જાણવા આપનું પુરું નામ/ગામ ૮૭૬૭૭૫૩૦૮૨ પર વોટ્સ એપ કરો. માહિતી મોકલવામાં આવશે.

# શ્રી સમસ્ત મહાજનની યુવા સમિતિ દ્વારા નેશનલ જોબ મેળો

તા. ૧ લી સપ્ટેમ્બર રવિવાર રોજે જ્ઞાતિના શિક્ષિત યુવાઓ માટે મહિલા નેશનલ જોબ ફેર ટિપટોપ પ્લાઝા એલ. બી.એસ.રોડ થાણા સ્થળે આયોજિત કરાયેલ છે. જેમાં અત્યાર સુધી ૩૦૦ ઈચ્છુકો નોકરીની સારી તક મેળવવા રજીસ્ટ્રેશન કરાવ્યું છે. તો ૪૦ રેપ્યુટેડ કાં. ઓ તેમના વ્યાપાર ઉદ્યોગ માટે ઉત્સાહી, કુશળ, ખંતીલા અને ક્વોલીફીકેશન ધરાવતી પ્રતિભાઓને એપોઈન્ટ કરવા આવવા સંમતિ દર્શાવી છે.

હજીપણ તક ઝડપી વહેલી તકે નામ નોંધવી લેવા માટે સમય છે.

yuva@kdosamastmahajan.org પર નામ નોંધાવો. Committee for job fair તેજસ ખોના – ૮૦૯૭૪૬૬૪૨૪, ડેઝિ લોડાયા – ૯૮૨૦૨૭૮૪૮૮, ગીરા મૈશરી – ૮૬૫૫૪૬૫૫૨૪, લબ્ધિ લોડાયા – ૮૨૯૧૯૨૯૩૪૩, મિતલ ધરમશી – ૯૭૭૩૦૦૮૭૧૨.

એડવાઈઝર : મણિકાંત ધુલ્લા – ૯૮૨૦૧ ૪૧૯૧૯, જયંત છેડા – ૯૩૨૨૨ ૫૭૭૩૧.

# તિરુપુર નગરે પ.પૂ.પ્રિયાવંદાશ્રીજી મ.સ.ના ચાતુર્માસ કાર્યક્રમો

તિરુપુર નગરમાં પ.પૂ.ગુરુવર્ય હેમપ્રભાશ્રીજી મ.સ.ની સુશીષ્યા પ.પૂ.પ્રિયાવંદાશ્રીજી મ.સ. આદી ઠાણા ૬ નું પ્રવેશ તા.૨૨-૭-૧૮ રવિવારના શ્રી સુવિધિનાથ જૈન દેરાસરથી વાજતે ગાજતે ધામધૂમથી થયેલ લગભગ ૩ કિ.મી.નો પ્રવેશ હતો. બહોળી સંખ્યામાં ભાઈઓ તથા બહેનોએ ભાગ લીધેલ.

ચાતુર્માસ દરમ્યાન રોજ સવારના વ્યાખ્યાન અને બપોરના સ્વાધ્યાય ચાલે છે. દર શનિવાર અને રવિવારના બાળકો અને બહેનો માટે શિબીર ચાલુ છે. ઘણી બધી જુદી જુદી તપસ્યા ચાલુ છે.

ચાતુર્માસ સ્થળ : શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય, શ્રી પાર્શ્વ ખુશલ જૈન સેવા સંઘ – કુરુંજી નગર એક્સટેન્શન, શેરીફ કોલોની, તિરુપુર – ૬૪૧૬૦૧.

# શ્રી સમસ્ત મહાજનશ્રીની બંધારણ સરલીકરણ સમિતિ

શ્રી સમસ્ત મહાજન દ્વારા જે મહાજનોને કોઈપણ જાતના બંધારણમાં ફેરફાર કરવા હોય તેઓને સમસ્ત મહાજન દ્વારા સમસ્ત મહાજનની બંધારણ સરલીકરણ સમિતિ દ્વારા યોગ્ય માર્ગદર્શન આપવાની એક વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. તો જે મહાજનોને જરૂરત જણાય તો મહાજનશ્રીના સમિતિના સભ્યોનો સંપર્ક કરવો. આ બાબતે દરેક મહાજનને એક પત્ર મોકલેલ છે જેની નોંધ લેવા વિનંતી છે. વધુ વિગત માટે સંપર્ક સાધો – લક્ષ્મીચંદ લાલજી પોલડીયા – ૯૯૩૦૦૦૮૩૩૯.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# કોચીનના કે.ડી.ઓ. મહાજન દ્વારા કેરળના પૂરગ્રસ્તો માટે પ્રશંસનીય રાહતકાર્ય





શ્રી જૈન મંદિર કોચીનની રાહબરી હેઠળ કેરળના પૂરગ્રસ્તોને રાહત પહોંચાડવાનું કાર્ય સુપેરે ચાલી રહ્યું છે. ક.દ.ઓ. જ્ઞાતિના કોચીન વાસી લગભગ બધાજ જ્ઞાતિજનો અસરગ્રસ્ત કુટુંબોને રાહત સામગ્રી પહોંચાડવાના કાર્યમાં જોડાયા છે. અહીં આપેલી તસ્વીરો એર્નાકુલમ જિલ્લાના અંતરિયાળ વિસ્તારોની છે જ્યાં સ્વયંસેવકો રાહતકાર્ય કરી રહ્યા છે. શ્રી કોચીન જૈન મંદિરના નેજા હેઠળ છેલ્લા ૧૦ દિવસથી અવિરત ચાલી રહેલા રાહતકાર્ય વિશે માહિતી આપતા પરેશ ચંદુલાલ ધરમશીએ જણાવ્યું હતું કે 'રાહત કાર્ય માટે સામગ્રીનું પેકિંગ દરરોજ રાત્રે શ્રી કોચીન જૈન મંદિરના અતિથિગૃહમાં જ્ઞાતિજનો દ્વારા કરવામાં આવે છે અને બીજે દિવસે જ્ઞાતિ અને સહયોગી સંસ્થાઓના સ્વયંસેવકો દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં તેનું વિતરણ કરવામાં આવે છે. અમારા પ્રેસિડન્ટ કિશોર એસ.કુરૂવા આ કાર્યમાં આગળ પડતો ભાગ લઈ







# કોચીનના કે.ડી.ઓ. મહાજન દ્વારા કેરળના પૂરગ્રસ્તો માટે પ્રશંસનીય રાહતકાર્ય (૨૪મા પાનેથી ચાલુ)





માર્ગદર્શન કરી રહ્યા છે.'

આ અંતર્ગત શ્રી કે.ડી.ઓ. જ્ઞાતિ મહાજન, કોચીનની ત્રણ સભ્યોની ટીમ રાહતકાર્ય માટે તેમજ ચેન્નઈની જૈન કમ્યુનિટી દ્વારા થઈ રહેલ કાર્યનું સંકલન કરવા માટે કોટ્ટાયમ પહોંચી હતી. ચેન્નઈના જૈન સમાજની ટીમ ગ્રુપ્સ પણ રાહતકાર્યમાં જોડાઈ હતી. હૈદરાબાદના નરેશભાઈ મોમાયા ચીફ કો-ઓર્ડિનેટર તરીકે સેવા આપી રહ્યા છે. અત્યાર સુધી લગભગ ૩૫ લાખની રાહત સામગ્રીનું અસરગ્રસ્તોમાં વિતરણ કરવામાં આવી રહ્યું છે. કે.ડી.ઓ.કોચીનની ટીમ સ્થાનિક કો-ઓર્ડિનેટર તરીકે સેવા આપી રહી છે.

કેરળમાં ઓનમના તહેવારની ત્રણ દિવસની રજાઓ પૂર્વે ખોરાકી સામગ્રી સવારમાં એકઠી કરવામાં આવી રહી છે. બપોરના ૧ વાગ્યા સુધી ખોરાક અને ઘર સફાઈની વસ્તુઓ પેક થઈ જાય છે અને ચિટ્ટાતુકારા, ઉત્તર પારાવુર જેવા વિસ્તારોમાં વિતરણ માટે મોકલવામાં આવે છે. રાહત સામગ્રી મેળવનાર કુટુંબોના ચહેરા પરનો આનંદ સંતોષજનક છે. અમારી સહયોગી સંસ્થા વર્ધમાન સંસ્કાર ધામના સભ્યો વિવેકભાઈ, અમિતભાઈ અને રાહુલભાઈ મુંબઈથી કોચીન આવી રાહતકાર્યનું નિરીક્ષણ કરી તેની પ્રશંસા કરી હતી. ઘરે ઘરે ફરીને રાહત સામગ્રીનું વિતરણ કરાતું જોઈ તેમણે સંતોષ વ્યક્ત કરી પોતે પણ એ કાર્યમાં જોડાયા હતા. તેમણે આનંદ મહેતા અને દીપા મહેતાની સાથે એલેપ્પીની મુલાકાત લઈ ત્યાના પશુઓ કેટલા અસરગ્રસ્ત થયા છે તેનું નિરીક્ષણ કર્યું હતું. મુંબઈમાં તેઓ પશુ સંભાળ કેન્દ્ર સાથે સંકળાયેલા છે.

ઓનમ નિમિત્તે ત્રણ દિવસની રજા આવતી હોવાથી એ દરમ્યાન કેરળના વધુમાં વધુ વિસ્તારોમાં મદદ પહોંચાડવા જ્ઞાતિના યુવાનો કટીબદ્ધ થયા છે.










● બન્નીના સિણીયાડો ગામનાં માજીખાન ઈલમખાન મુતવાના મડવર્કના નમૂના વેચવા 'ઓન લાઈન શોપિંગ સાઈટ' એમેઝોન કાં. એ કરાર કર્યા છે. બન્ની માટી મુતવા ભરતકામની ડિઝાઈન અને આગવી સૂઝથી મડવર્ક નમૂનાઓમાં વિવિધ ભાતના આઠ બાય આઠ સાઈઝની, ફ્રેમ, નેમ પ્લેટ, કી હોલ્ડર, લેટર બોક્ષ, ક્લોક વિગેરે બનાવી એમઝોન કાં. આંતરરાષ્ટ્રીય સ્તરે વેંચે છે.

● યુવાનોમાં ફોટોગ્રાફી ક્ષેત્રે વધતા જતા આકર્ષણ અને યુવા વર્ગમાં તસવીર કળ પ્રત્યે જાગૃતિ કેળવવાના ઉદેશ્યથી રોટરેક્ટ ક્લબ ઓફ ભુજ વોલસિટી દ્વારા ભુજના રાજેન્દ્રબાગમાં ફોટોગ્રાફી વર્કશોપનું આયોજન કરાયું. જેમાં તાલીમાર્થી ઓએ પ્રેક્ટિકલ અને થિયરી અંગેની જ્ઞાન પ્રાપ્ત કર્યુ હતું.

● ભુજ ભાટિયા મહાજન વાડી ખાતે ચત્રભુજ ધમાણીના પ્રમુખ પદે કચ્છના જુદા જુદા મહાજનના અને જ્ઞાતિની અન્ય સંસ્થાઓના મોવડીઓની બેઠકમાં સમસ્ત કચ્છી ભાટિયા મહાજનની રચના કરાઈ અને બંધારણને આખરી રૂપ આપી સર્વાનુ મતે પસાર કરાયું.

● કચ્છના પ્રતિભાશાળી ટેબલ ટેનિસ ખેલાડી ઈશાન હિંગોરાનીની સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા શક્તિદૂત યોજના માટે પસંદગી કરાઈ છે. આ યોજના માટે પસંદ થનારોએ કચ્છનો પ્રથમ રમતવીર છે.

● આરોગ્યક્ષેત્રે પછાત વાગડ વિસ્તારના રાપરમાં રાજકોટ સ્થિત રણછોડદાસજી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૪ મો નેત્ર નિઃશુલ્ક નિદાન સારવાર કેમ્પમાં ૧૭૫ જણની તપાસણી કરાઈ. રાપરમાં છેલ્લા દોઢ વર્ષથી ચાલતા ટ્રસ્ટના કેમ્પમાં ત્રણ હજારથી વધુ જણના નેત્ર નિદાન અને આઠસોથી વધુ લોકોને વિના મૂલ્ય ઓપરેશન કરાઈ અપાયા.

● ભુજ મહિલામંડળ છઠી બારી દ્વારા બહેનો માટે કચ્છી ગીત સ્પર્ધા યોજાઈ જેના વિજેતાઓની ઈનામોથી નવાજાયા હતા.

● લાયોન્સ કલબ ઓફ ભુજ દ્વારા લાયન્સ હોલ ખાતે ૧૦ વિધવા જરૂરતમંદ બહેનોને સંસ્થા પ્રમુખ મીનાબેન બી. મહેતા દ્વારા રાશન કિટનું વિતકણ કરાયું હતું કલબ પ્રમુખ રેખાબેન વોરા એ જણાવ્યું હતું કે કલબ મેમ્બર દ્વારા દર મહિને ૧૧ બહેનોને રાશન કિટ આપવામાં આવશે.

● ભોજાય હોસ્પિટલની બે નેત્ર શિબિરોનો ૧૫૫ દર્દીઓએ લાભ લીધો હતો. અને ૬૫ ઓપરેશનો થયા હતા.

● જિલ્લામાં વરસાદ ખેચાતા તેની વધુ અસર પશ્ચિમ કચ્છના અબડાસા. લખપત અને નખત્રાણા તાલુકાને થઈ છે. અનિયમિત વીજ પુરવઠાને કારણે ખરીફ પાકને પૂરતી પિયત થઈ શકતી નથી જેથી દૈનિક ખેત વિષયક ૧૦ કલાક અખંડ વીજળી પુરવઠો આપવા અબડાસાના ધારાસભ્ય ઊર્જા મંત્રી સૌરભભાઈ પટેલને પાઠવેલા પત્રમાં જણાવી છે.

● અંજાર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રીમતી કે.જી.માણકે ઈંગ્લિશ સ્કૂલ તથા સંલગ્ન સ્કૂલો દ્વારા ધોરણ ૭ થી ૧૨ ના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વીડિયો ક્લિપ પ્રવચન અને પ્રસંગે અનુરૂપ નાટક જેવી કૃતિઓ રજૂ કરાઈ હતી. શાળાના દરેક વિદ્યાર્થી અને શિક્ષકો એકબીજાને માફ કરી મનના મતભેદો દૂર કરવા સારા ભવિષ્ય માટે કરવાના સંકલ્પ સાથે શપથ ગ્રહણ કર્યા હતા.

● ઉમિયા માતાજી મંદિર વાંઢાયની ૪૬ એકર જમીનમાં ૨૦ હજારથી વધુ ગૂગળના વૃક્ષોનું વાવેતર કરી જતન કરીને મોટા કર્યા છે જે આજે વટવૃક્ષો બનીને લહેરાઈ રહ્યાં છે. ગાંડા બાવળના આક્રમણે વગડાની અનેક ઉપયોગી અને દુર્લભ વનસ્પતિઓને મૂરઝાવી નાંખી છે.

● મુંદરા નગરની જનસેવા સંસ્થા દ્વારા સિનિયર સિટીઝન મહિલાઓ માટે નિઃશુલ્ક યાત્રા પ્રવાસી વીરપુર, ચોટીલા અને સાળંગપુરની યોજી હતી. આ પ્રવૃતિ સતત ચાલુ રાખવામાં આવશે. તેવું સંસ્થાના સૂત્રધારો દ્વારા જાહેર કરાયું હતું.

● ભુજના વડનગરા નાગર મંડળ દ્વારા ચાણક્ય કોલેજ ઓફ ફિઝીઓ થેરાપીના સહયોગથી મફત ફિઝિયોથેરેપી મેડિકલ કેમ્પનું આયોજન કરાયું. જુદા જુદા રોગોના ઈલાજ કરી કઈ રીતે સ્વસ્થ જીવન જીવવું તે વિષે ઊંડાણથી સમજ આપી હતી.

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સેલમ મધ્યે મિટીંગ કરાઈ




તા.૨૨-૮-૨૦૧૮ બુધવારના સવારે ૧૧.૩૦ કલાકે શ્રી સમસ્ત મહાજનશ્રીના પદાધિકારીઓ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સેલમની મુલાકાત લઈ સેલમ મહાજનશ્રીના ઉપક્રમે અગ્રણીઓ તથા જ્ઞાતિજનો સાથે મિટીંગ કરી. ડીસેમ્બર ૨૦૧૮ના જ્ઞાતિના નલીયા ખાતેના ચતુર્થ સંમેલન બાબતે વિસ્તૃત જાણકારી આપી હતી.


**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org

**અથવા વૉટસએપ પર મોકલો**

**9769991922**
**9820302853**
**9322257731**



• Exclusive Gharchola
• Bandhani
• Patola • Panetar
• Chaniya Choli
• Designer Saree

જ્યોતિ
Silk Saree Emporium

28, Gani Mansion, Shop No.1, Behind Arora Cinema
Matunga (C.R.), King Circle, Mumbai - 400 019.
Tel. : 24043995 • Time : 11 am to 7 pm
Sunday Closed

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન દ્વારા દક્ષિણ ભારતના બેંગ્લોર શહેરમાં મિટીંગ કરાઈ





શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બેંગ્લોરમાં તા.૨૧-૮-૨૦૧૮ના મિટીંગ રાત્રે ૮ કલાકે કચ્છી ભવનમાં મળેલ. બેંગ્લોર મહાજનના પ્રમુખ શ્રી સતીષ શાહ તથા માનદ્‌મંત્રી મીતેષ લોડાયા તથા અન્ય સભ્યો હાજર રહેલ. સર્વેને સમસ્ત મહાજનની કાર્યસૂચી સેક્રેટરી જનરલ નીશિથ દંડે જણાવેલ તથા સંમેલનની રૂપરેખા તથા વ્યવસ્થાની જાણકારી સંમેલનના વરાયેલ પ્રમુખ મુલચંદભાઈ મોતાએ વિગતવાર સમજાવેલ. લગભગ ૧ કલાક ચાલેલ મિટીંગમાં બેંગ્લોરવાસી પધારેલ હતા.

સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ નિશીથ દંડે મેનેજીંગ ટ્રસ્ટી કિર્તીકુમાર ધરમશી અને ટ્રસ્ટી રાજેશ મોમાયા તથા ચતુર્થ સંમેલનના પ્રમુખ મુલચંદભાઈ મોતા અને રાજેન્દ્ર ખોના સમસ્ત મહાજનના ટ્રસ્ટી હાજર રહેલ. પૂર્વ સંમેલનની રૂપરેખા ટ્રસ્ટી શ્રી રાજેન્દ્ર મણીલાલ ખોનાએ આપેલ.

# ગદગની જીવન સંધ્યાની મુલાકાતે ટ્રસ્ટીશ્રીઓ

જીવન સંધ્યા ગદગના કાર્યમંડળ નવનિયુક્ત ટ્રસ્ટી મહેન્દ્ર વિકમશી મોતા હુબલી અને વિધમાન ટ્રસ્ટી હરીશભાઈ જીવન સંધ્યાની મુલાકાત લીધી તેઓ ત્યાંના આશ્રિત નિવાસીઓ, પરિચારિકો, સેવકો રૂબરૂ મળી સંસ્થાના કાર્યો, કાજ વિષે કનડતા પ્રશ્નો વિશે સુવિધા-અગવડ વિષે જાણકારી મેળવી. બધા ઓરડા, બાથરૂમ, બોરવેલ, બગીચા, કીચન, સ્ટોરરૂમ, વોટર રૂમની મુલાકાત કરી જાત માહિતી મેળવી જોઈતી સગવડની યાદી બનાવી તે સુવિધા માટે લાગનારી જરૂરિયાતની નોંધ પણ લખી લીધી.

નવનિયુક્ત ટ્રસ્ટી અને કો. ઓપ્ટ થયેલા ટ્રસ્ટીઓનો ઉત્સાહ જોઈ એમ લાગ્યા વગર નથી રહેતું કે 'જીવન સંધ્યા'નો સર્વતોમુખી વિકાસ કરવા માટેની નક્કી કરેલ લક્ષ્ય તા. ૩૧-૦૮-૨૦૧૮ ની પહેલાં જ આ કાર્ય પૂરૂ થઈ જશે. એ માટેના પ્રયત્નોમાં કોઈપણ કચાશ રાખવામાં નહીં આવે.

આ કાર્ય સરળતાથી પાર પડે તે માટે વિવિધ કાર્યોનો વહેંચણી કરી દેવામાં આવી છે. સુચારૂ સંકલન માટે ગદગ મહાજનશ્રીના એક અધિકારીને કો-ઓપ્ટ કરવામાં આવ્યા છે.

દર માસે નિવાસીઓનું રૂટિન મેડિકલ ચેક અપ કરવા માટે એક ડૉક્ટરની નિયુક્તિ કરવામાં આવનાર છે.

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન દ્વારા દક્ષિણ ભારતના કોઈમ્બતુર શહેરમાં મિટીંગ કરાઈ











શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન કોઈમ્બતુરની તા.૨૨-૮-૨૦૧૮ના એક સભા રાત્રે ૭.30 કલાકે કે.ડી.ઓ. ભવન કોઈમ્બતુર ખાતે મળેલ. સભા મળવાની પહેલા ૬ કલાકે ચૌવિહાર કરી સાંજે ૭.30 કલાકે સભાની શરૂઆત કરેલ. કોઈમ્બતુર મહાજનના પ્રમુખશ્રી પ્રદીપ રતીલાલ લોડાયા તથા માનદ્‌મંત્રી લીતીન લોડાયા તથા અન્ય કારોબારી સભ્યો અને મહીલા મંચ, યુથ ફોરમ તથા ગામના કે.ડી.ઓ. સભા મળી લગભગ ૮૦ થી ૯૦ જણાની હાજરી હતી. સમસ્ત મહાજનની કાર્યસૂચી નીશીથ દંડે જણાવેલ તથા સંમેલન બાબત વીગતવાર કાર્યસૂચી વરાયેલ. પ્રમુખ મુલચંદ મોતાએ જણાવેલ. કીર્તીકુમાર ધરમશીએ સમસ્ત મહાજનને સાથ સહકાર આપવા જણાવેલ. રાજેશ મોમાયા સમસ્ત મહાજનના ટ્રસ્ટી હાજર રહેલ. કે. ડી.ઓ. મહાજન કોઈમ્બતુર તરફથી રૂા.૧૦૧000 નો સંમેલનમાં રજત દાતાનો લાભ લીધેલ અને ભવિષ્યમાં પણ પુરો સાથ સહકાર આપવાની જાહેરાત કરેલ. યુથ ફોરમ તથા મહિલા મંચના પણ પદાધિકારીઓ પણ પોતાના વિચાર રજૂ કરેલ.



# બાંડીયા ગામે વિમલનાથ જૈન દેરાસરની ટોચ પર મોરની વારસાગત બેઠક

અબડાસા તાલુકાના કચ્છ ગામ બાંડિયાના શ્રી વિમલનાથ ભગવાનના જૈન દેરાસરની ટોચ પર ઢળતી સાંજે રોજ એક મોર આવી બેસે છે જે આખી રાત બેઠો હોય છે. જે નિત્યક્રમ વર્ષોથી આજે પણ ચાલુ છે. દાદા-પરદાદાઓના વખતથી આ મોર રોજ બેસે છે મતલબ વર્ષો પહેલા આજના મોરના દાદા-પરદાદા બેસતા હશે જેનો વારસો આ મોર સંભાળે છે.



## જીવન ઘટમાળ

**● મરણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૦૮-૨૦૧૮ | ભુજ | દિનેશ વેલજી ધરમશી | સાંધાણ | ૭૦ |
| ૧૯-૦૮-૨૦૧૮ | ભરૂડીયા | અરવિંદ રૂપશી દંડ | ભરૂડીયા | ૭૧ |
| ૨૦-૦૮-૨૦૧૮ | મીરા રોડ | સંતોષ ખેતશી ધરમશી | જખૌ | ૬૨ |
| ૨૨-૦૮-૨૦૧૮ | હૈદ્રાબાદ | સપના મણિલાલ મૈશેરી | સિંધોડી મોટી | ૪૬ |




insurancekhoj.com™

the ultimate stop for insurance ™

**INSURE YOUR COMMERCIAL VEHICLES**

**TODAY!**



**NOW SAVE UPTO 90% ON PREMIUM OF YOUR COMMERCIAL VEHICLES**

**(ZERO DEP COVER AVAILABLE*)**

*Yashodhan Karani - 9821137737 • Deepak Karani - 9821082664*

**karani**

insurancekhoj@gmail.com • 9004999900

# 404 BPS Plaza, Devidayal Road, Mulund West, Mumbai-80

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

|| શ્રી અનંતનાથાય નમઃ ||



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

તા. ૦૪-૦૫-૨૦૧૮

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિજનો જોગ,

સવિનય જણાવવાનું જે **શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતીનું ચર્તુથ સંમેલન તા.૨૩, ૨૪ અને ૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના રવિવાર, સોમવાર અને મંગળવાર** ના દિવસે નલીયા મુકામે **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલીયા**ના યજમાન પદે આયોજન કરવામાં આવી રહ્યું છે. જેની નોંધ લેશોજી.

આ અંગેની વધુ માહિતીઓ જ્ઞાતિના તમામ મહાજનોને ટુંક સમયમાં મોકલવામાં આવશે.

સર્વે જ્ઞાતીજનો, જ્ઞાતી સંસ્થાના પદાધિકારીઓને જાણ થાય કે આ સમય દરમ્યાન પોતપોતાના અંગત તથા સંસ્થાગત કાર્યો ગોઠવવા નહી, જેથી જ્ઞાતિજનો સંમેલનમાં ભાગ લઈ શકે.

સંમેલન પ્રસંગે પધારનાર પ્રતિનિધિઓને **તા.૨૨-૧૨-૨૦૧૮ શનિવાર** ના નલિયા મુકામે પહોંચવાનું રહેશે.

**નીશિથ એ. દંડ**
(સેક્રેટરી જનરલ)

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

(ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ આર નં.એ ૩૯૨૬ (મુંબઈ) ૧૯૯૨)

mahajansamast@gmail.com

Gyatimaiya
Weekly E-magazine